**<u>પુરાવા-વસ્તુ A</u>**

**ASCENSION SOUTHEAST MICHIGAN**

# બિલિંગ અને વસૂલીની પોલિસી

જુલાઈ 1, 2022

## <u>નીતિ/સિદ્ધાંતો</u>

તેની નાણાકીય સહાય પોલિસી (અથવા "FAP") ને અનુસંધાનમાં રાખીને સંસ્થામાં કટોકટી અને અન્ય તબીબી જરૂરી સંભાળ પૂરી પાડવા માટે સામાજિક રીતે ન્યાયની ખાતરી કરવાની Ascension Southeast Michigan ("સંસ્થા") ની પોલિસી છે. આ બિલિંગ અને વસૂલીની પોલિસી એ ખાસ એવા દર્દીઓ માટે બિલિંગ અને વસૂલીની રીતભાતોના સમાધાન માટે તૈયાર કરવામાં આવી છે, જેઓને આર્થિક સહાયતાની જરૂર હોય અને સંસ્થા ખાતે સંભાળ મેળવતા હોય.

તમામ બિલિંગ અને વસૂલીની રીતભાતો વ્યક્તિગત માનવ ગરિમા અને સામાન્ય સારપ, ગરીબીમાં જીવતી વ્યક્તિઓ અને અન્ય કમજોર લોકો માટે વિશેષ ધ્યાન અને તેમની પડખે ઊભા રહેવું, અને સમાન વિભાજન સાથેના ન્યાય અને પ્રબંધન પ્રત્યે અમારી પ્રતિબદ્ધતા અને આદર દર્શાવશે. સંસ્થાના કર્મચારીઓ અને એજંટો એવી ઢબે વર્તાવ કરશે, જે કૅથલિક દ્વારા પ્રાયોજિત સુવિધાની પોલિસીઓ અને મૂલ્યોને પ્રતિબિંબિત કરતો હોય, જેમાં દર્દીઓ અને તેમનાં કુટુંબો સાથે ગરિમા, આદર અને દયાભાવના સાથે વર્તન કરવાનો પણ સમાવેશ થાય છે.

આ બિલિંગ અને વસૂલીની પોલિસી સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ કટોકટી અને અન્ય તબીબી જરૂરી સંભાળને લાગુ પડે છે, જેમાં રોજગાર કરનાર ચિકિત્સક સેવાઓ અને વર્તન સ્વાસ્થ્યનો સમાવેશ થાય છે. આ બિલિંગ અને વસૂલીની પોલિસી ચૂકવણીની વ્યવસ્થાને લાગુ પડતી નથી. કે જે "ઇમરજન્સી" નથી તેવી સંભાળ અને અન્ય "તબીબી જરૂરી સંભાળ" માટે (કેમકે તે શરતો સંસ્થાના FAP માં નિર્ધારિત છે).

## <u>વ્યાખ્યાઓ</u>

1. "**501(r)**" નો અર્થ છે ઇન્ટર્નલ રૅવન્યુ કોડની કલમ 501(r) અને તેની હેઠળ સમાવી લેવામાં આવતા વિનિયમો.

2. "**વસૂલીની અસાધારણ કાર્યવાહીઓ**" **અથવા** "**ECAs**"નો અર્થ છે વસૂલીની નીચે પૈકીની કોઈ પણ પ્રવૃત્તિઓ, જે 501(r) હેઠળ નિયંત્રણોને આધીન હોય:
   a. દર્દીનું ઋણ અન્ય પક્ષકારને ચૂકવવું, સિવાય કે ખરીદદાર નીચે વર્ણવ્યા પ્રમાણેના અમુક અંકુશોને આધીન હોય.

   b. કન્ઝ્યૂમર ક્રૅડિટ રિપોર્ટિંગ એજંસીઓ અથવા ક્રૅડિટ બ્યૂરોને દર્દી વિશેની પ્રતિકૂળ માહિતીની જાણ કરવી.

c. FAP હેઠળ અગાઉ આવરી લેવામાં આવેલી પૂરી પાડવામાં આવેલી સંભાળ માટેનાં એક કે વધુ બિલો દર્દી ચૂકવી શક્યા ન હોય તેને કારણે તબીબી રીતે જરૂરી સંભાળ પૂરી પાડતાં પહેલાં ચૂકવણી મુલત્વી રાખવી અથવા નકારવી અથવા ચૂકવણીની માંગ કરવી.

d. એવી કાર્યવાહીઓ જે માટે કાનૂની કે ન્યાયિક પ્રક્રિયા આવશ્યક બને, દેવાળિયાપણાની જાહેરાત જે વ્યક્તિગત ઈજાની કાર્યવાહીમાં ફાઇલ કરેલા દાવાઓ સિવાય. આ કાર્યવાહીઓમાં નીચેનાનો સમાવેશ થાય છે, પરંતુ તે માત્ર તેના પૂરતી મર્યાદિત નથી,
   i. દર્દીની મિલકત કબ્જે લેવી,
   ii. દર્દીની મિલકત છોડાવવાનો હક રદ કરવો,
   iii. દર્દીના બેન્ક ખાતા કે અન્ય વ્યક્તિગત સંપત્તિમાંથી ફરજિયાત ઉઘરાણું કરવું અથવા ખાતું કે સંપત્તિ ટાંચમાં લેવા અથવા જપ્ત કરવા,
   iv. દર્દી સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવી, અને
   v. દર્દીનાં વેતનો કાનૂની રીતે જપ્ત કરવા માટે નોટિસ મોકલવી.

ECA મ નીચેનામાંથી કશાનો સમાવેશ થતો નથી (પછી ભલે ECA માટે ઉપર નિર્ધારિત કરેલા માપદંડો અન્યથા સામાન્યપણે પૂરા થતા હોય):

a. દર્દીના ઋણનું વેચાણ જો, વેચાણ પૂર્વે, કાનૂની રીતે બંધનકર્તા લેખિત સમજૂતી ઋણના ખરીદદાર સાથે અસ્તિત્વ ધરાવતી હોય જે અનુસાર
   i. ખરીદદારને સંભાળ માટે ચૂકવણી મેળવવા માટે કોઈ પણ ECAs પ્રવૃત્ત થવાની મનાઈ ફરમાવવામાં આવી હોય;
   ii. ખરીદદારને ઋણ વેચવાના સમયે ઇન્ટર્નલ રૅવન્યૂ કોડની કલમ 6621(a)(2) હેઠળના અમલી દરના વધારાના દરે ઋણમાં વ્યાજ વસૂલવાની મનાઇ ફરમાવવામાં આવે છે (અથવા નોટિસ દ્વારા નક્કી કરાયેલ આવો અન્ય વ્યાજદર અથવા અન્ય માર્ગદર્શન કે જે ઇન્ટર્નલ રૅવન્યૂ બુલેટિનમાં પ્રકાશિત થયેલ હોય);
   iii. દર્દી આર્થિક સહાયતા માટે લાયક છે એવો નિર્ણય સંસ્થા અથવા ખરીદદાર લેવામાં આવે ત્યારે સંસ્થા દ્વારા ઋણ પરત કરવાપાત્ર અથવા પાછું ખેંચવાપાત્ર બને છે; અને
   iv. દર્દી પર ખરીદદાર અને સંસ્થા બંનેને FAP અનુસાર પોતે જે રકમ વ્યક્તિગત રીતે ચૂકવવા માટે જવાબદાર હોય તેના કરતાં વધુ રકમ દર્દી ન ચૂકવે તેની ખાતરી કરતી સમજૂતીમાં સૂચવેલ કાર્યપ્રણાલીઓનું ખરીદદાર પાલન કરે તે જરૂરી છે, જો દર્દી આર્થિક સહાયતા માટે લાયક હોવાનું જણાય અને ઋણ સંસ્થાને પરત કરવામાં ન આવે અથવા સંસ્થા દ્વારા પાછું ખેંચવામાં ન આવે;

b. સંસ્થાએ જેના માટે સંભાળ પૂરી પાડી હોય તેવી વ્યક્તિગત ઈજાઓના પરિણામે દર્દીની વિરુદ્ધમાં જતા નિર્ણય, માંડવાળ, કે સમાધાનથી જે આવક થાય તેના પર રાજ્યના કાનૂન હેઠળ સંસ્થાને જે લાદવાનો અધિકાર હોય એવો કોઈ પણ કબ્જો; અથવા

c. દેવાળિયાપણાની કોઈ પણ કાર્યવાહીમાં દાવો દાખલ કરવો.

**3.** “**FAP**”નો અર્થ છે સંસ્થાની આર્થિક સહાયતા નીતિ, જે સંસ્થાના અને Ascension Health ના મિશનને આગળ ધપાવવા માટે અને 501(r)નું પાલન થાય તે પ્રમાણે લાયક દર્દીઓને આર્થિક સહાયતા પૂરી પાડવા માટેની નીતિ છે.

**4.** “**FAP અરજી**” નો અર્થ છે આર્થિક સહાયતા માટેની અરજી.

**5.** “**આર્થિક સહાયતા**” નો અર્થ છે સંસ્થાની FAP અનુસાર સંસ્થા દર્દીને પૂરી પાડી શકે એવી સહાયતા.

**6.** "**સંસ્થા**" નો અર્થ Ascension Southeast Michigan. વધારાની માહિતીની વિનંતી કરવા માટે, પ્રશ્નો અથવા ટિપ્પણીઓ સુપ્રત કરવા માટે, અથવા અપીલ સુપ્રત કરવા માટે તમે નીચે જણાવેલા કાર્યાલયનો અથવા સંસ્થા તરફથી તમે મેળવી શકો એવી કોઈ પણ લાગુ પડતી નોટિસ કે પત્રમાં સૂચવેલા કાર્યાલયનો સાંપર્ક કરી શકો છો:

Ascension St. John Hospital
અટેન્શન: નાણાકીય કોઉન્સેલિંગ FAP/મુખ્ય નોંધણી
22101 Moross Road
Detroit, Michigan 48236

**7.** “**દર્દી**” નો અર્થ છે એવી વ્યક્તિ જે સંસ્થા તરફથી સંભાળ મેળવતી હોય (અથવા જેણે સંભાળ મેળવી હોય) અને અન્ય કોઇ પણ વ્યક્તિ એ આવી સંભાળ માટે આર્થિક રીતે જવાબદાર હોય (જેમાં કુટુંબીજનો અને વાલીઓનો પણ સમાવેશ થાય છે).

## <u>બિલિંગ અને વસૂલીનાં આચરણો</u>

પૂરી પાડવામાં આવેલી સેવાઓ માટે અને દર્દીઓ સાથે સંવાદ કરવા માટે દર્દીઓને નિયમિતપણે જારી કરાતાં બિલિંગ સ્ટેટમેન્ટ્સ માટે સંસ્થા એક ક્રમબદ્ધ પ્રક્રિયા જાળવે છે. કોઇ દર્દી દ્વારા સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે ચૂકવણી કરવામાં ન આવે તેવા સંજોગોમાં, સંસ્થા ચુકવણી મેળવવા માટેની ક્રિયાઓમાં શામેલ થઈ શકે છે, જેમાં મર્યાદિત નહીં, પરંતુ ટેલિફોન, ઇમેઇલ અને વ્યક્તિગત રૂપે વાતચીત કરવાનો પ્રયાસ, અને આ બિલિંગ અને સંગ્રહ પોલિસીમાં સમાવિષ્ટ જોગવાઇઓ અને પ્રતિબંધોને આધીન એક અથવા વધુ ECAs નો ઉપયોગ કરી શકે છે. મહેસૂલ સાયકલ વિભાગ પાસે સંસ્થાએ નાણાકીય સહાયતાની લાયકાત નક્કી કરવા માટે ઉચિત પ્રયાસો કર્યા છે તે નિર્ધારિત કરવા માટે આખરી સત્તા છે અને સંસ્થા ECAs માં શામેલ થઈ શકે છે.

501(r) અનુસાર, આ બિલિંગ અને વસૂલીની પોલિસી એવા વ્યાજબી પ્રયત્નોને ઓળખે છે જે સંસ્થા વસૂલીની અસાધારણ કાર્યવાહી અથવા ECA શરૂ કરે તે પહેલાં એ નિર્ધારિત કરવા માટે કરે એ જરૂરી છે કે દર્દી પોતાની આર્થિક સહાયતા માટેની FAP હેઠળ લાયક છે કે નહિ. એક વખત નિર્ણય કરવામાં આવ્યા બાદ, સંસ્થા અહીં વર્ણવ્યા પ્રમાણે એક કે વધુ ECAs સાથે આગળ વધી શકે છે.

**1.** <u>FAP અરજીની પ્રક્રિયા</u>. નીચે પ્રદાન કરેલ સિવાય, દર્દી કોઈપણ સમયે સંસ્થા દ્વારા પ્રાપ્ત કટોકટી અને અન્ય તબીબી આવશ્યક સંભાળના સંદર્ભમાં કોઈપણ સમયે FAP એપ્લિકેશન સબમિટ કરી શકે છે. આર્થિક સહાયતા માટે યોગ્યતાના નિર્ણયો નીચેના સામાન્ય વર્ગોના આધારે લેવામાં આવશે.

ASCENSION



a. <u>સંપૂર્ણ FAP અરજીઓ</u>. દર્દીના કિસ્સામાં જેણે સંપૂર્ણ FAP એપ્લિકેશન સબમિટ કરી છે,સંસ્થા, સમયસર, સંભાળ માટે ચુકવણી મેળવવા માટે કોઇપણ ECAs સ્થગિત કરશે, પાત્રતા નક્કી કરશે અને લેખિત સૂચના પ્રદાન કરશે, જે નીચે આપેલ છે.

b. <u>પૂર્વનિર્ધારણ્ય પાત્રતા નિર્ધારણ</u>. જો કોઈ દર્દી સંભવત: FAP હેઠળ ઉપલબ્ધ સૌથી ઉદાર સહાય કરતા ઓછા માટે પાત્ર બનવા માટે નક્કી થશે તો સંસ્થા નિર્ધારના આધારે દર્દીને સૂચિત કરશે અને ECA શરૂ કરતા પહેલા દર્દીને વધુ ઉદાર સહાય માટે અરજી કરવા માટે એક યોગ્ય સમય આપશે.

c. <u>કોઈ અરજી સુપ્રત કરી ન હોય એવી સ્થિતિમાં નોટિસ અને પ્રક્રિયા</u>. સંપૂર્ણ FAP અરજી સુપ્રત કરવામાં આવી ન હોય અથવા FAP ના અનુમાનિત યોગ્યતાના માપદંડો હેઠળ યોગ્યતા નક્કી કરવામાં આવી ન હોય તે સિવાય દર્દીને સંભાળ માટે રજા આપ્યા બાદનું જે પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટ મોકલવામાં આવે તેની તારીખથી ઓછામાં ઓછા 120 દિવસો માટે ECAs શરૂ કરવાનું ટાળશે. સંભાળની એકથી વધુ ઘટનાઓની સ્થિતિમાં આ અધિસૂચનાની જોગવાઈઓ ભેગી કરવામાં આવી શકે છે, જે સ્થિતિમાં સમયમર્યાદાઓ સમુચ્ચયમાં સામેલ સંભાળની સૌથી છેલ્લી ઘટના પર આધારિત હશે. જેમણે FAP અરજી સુપ્રત કરી ન હોય એવા દર્દી તરફથી સંભાળ માટે ચૂકવણી મેળવવા માટે એક (1) કે વધુ ECA(s) શરૂ કરતાં પહેલાં સંસ્થા નીચેની કાર્યવાહીઓ કરશે:

   i. દર્દીને એવી લેખિત નોટિસ પૂરી પાડશે જેમાં લાયક દર્દીઓ માટે ઉપલબ્ધ આર્થિક સહાયતા સૂચવવામાં આવી હોય, સંભાળ માટે ચૂકવણી મેળવવા માટે જે ECA(s) લેવાનો આશય હોય તેની ઓળખ કરવામાં આવી હોય, અને જે ડેડલાઇન બાદ આવા ECA(s) શરૂ કરવામાં આવી શકે તે ડેડલાઇન જણાવવામાં આવી હોય, જે લેખિત નોટિસ પૂરી પાડવામાં આવી હોય તે તારીખ બાદ 30થી વધુ દિવસો પહેલાંની નહિ હોય;

   ii. દર્દીને FAP સરળ ભાષામાં સાર પૂરો પાડશે; અને

   iii. દર્દીને FAP અને FAP અરજીની પ્રક્રિયા વિશે મોઢામોઢ જાણ કરવા માટે વાજબી પ્રયત્નો કરશે.

d. <u>અપૂર્ણ FAP અરજીઓ</u>. અપૂર્ણ FAP અરજી સબમિટ કરનાર દર્દીના કિસ્સામાં, સંસ્થા દર્દીને FAP એપ્લિકેશન કેવી રીતે પૂર્ણ કરવી તે વિશે લેખિતમાં સૂચિત કરશે અને દર્દીને આ કરવા માટે ત્રીસ (30) દિવસનો સમય આપશે. આ સમય દરમિયાન કોઇ પણ પેન્ડિંગ ECAs રદ કરવામાં આવશે, અને લેખિત નોટિસમાં (i) FAP હેઠળ જરૂરી વધારાની માહિતી અને/અથવા દસ્તાવેજો અથવા અરજી પૂરી કરવા માટે જરૂરી હોય એવી FAP અરજીનું વર્ણન કર્યું હશે, અને (ii) સંપર્કની યોગ્ય માહિતીનો સમાવેશ કરવામાં આવશે.

**2.** <u>સંભાળને મુલત્વી રાખવા કે નકારવા અંગેનાં નિયંત્રણો</u>. જ્યાં FAP હેઠળ આવરી લેવામાં આવેલી અગાઉ પૂરી પાડવામાં આવેલી સંભાળ માટે દર્દી એક કે વધુ બિલો ચૂકવવામાં નિષ્ફળ જાય તેના કારણે FAP આપેલી વ્યાખ્યા પ્રમાણે સંસ્થા તબીબી રીતે જરૂરી સંભાળ પૂરી પાડતાં પહેલાં ચૂકવણી મુલત્વી રાખવાનો કે નકારવાનો અથવા ચૂકવણી કરવામાં આવે તેવો આગ્રહ રાખવાનો સંસ્થાનો

આશય હોય તો દર્દીને FAP અરજી અને લાયક દર્દીઓ માટે આર્થિક સહાયતા ઉપલબ્ધ હોવાનું સૂચવતી લેખિત નોટિસ પૂરી પાડવામાં આવશે.

**3.** <u>નિર્ણયની અધિસૂચના</u>.

a. <u>નિર્ણયો</u>. એક વખત દર્દીના ખાતામાં પૂરી થયેલી FAP અરજી પ્રાપ્ત થયા બાદ સંસ્થા યોગ્યતા નક્કી કરવા માટે FAP અરજીનું મૂલ્યાંકન કરશે અને દર્દીને લેખિતમાં આખરી નિર્ણય વિશે પિસ્તાળીસ (45) કેલેન્ડર દિવસોમાં જાણ કરશે. અધિસૂચનામાં દર્દી કેટલી રકમ ચૂકવવા માટે નાણાકીય રીતે જવાબદાર છે તે રકમના નિર્ધારણનો સમાવેશ કરાશે. જો FAP માટેની અરજી નકારવામાં આવે તો નકાર માટેનું કારણ સમજાવતી નોટિસ અને અપીલ કે પુનર્વિચાર માટેની સૂચનાઓ મોકલવામાં આવશે.

b. <u>રિફંડ</u>. FAP હેઠળ દર્દી જે રકમ ચૂકવવા માટે નાણાકીય રીતે જવાબદાર હોવાનું નિર્ધારિત કરવામાં આવે તે રકમથી વધી જતી સંભાળ માટે દર્દીએ ચૂકવેલી રકમ માટે સંસ્થા રિફંડ પૂરું પાડશે, સિવાય કે વધારાની રકમ $5.00થી ઓછી હોય.

c. <u>ECA(s) પાછા ખેંચવા</u>. FAP હેઠળ જેટલી હદ સુધી દર્દી આર્થિક સહાયતા માટે લાયક હોવાનું નિર્ધારિત કરવામાં આવે, સંસ્થા સંભાળ માટે ચૂકવણી મેળવવા માટે દર્દીની સામે લેવામાં આવેલા કોઈ પણ ECA ને પાછા ખેંચવા માટેનાં તમામ વાજબીપણે ઉપલબ્ધ પગલાંઓ લેશે. આવા વાજબીપણે ઉપલબ્ધ પગલાંઓમાં સામાન્ય રીતે દર્દી વિરુદ્ધના કોઈ પણ નિર્ણયને રદ કરવાનાં પગલાંઓ, દર્દીની સંપત્તિ પરથી કોઈ પણ કબ્જો કે ટાંચ હટાવવાનાં પગલાંઓ, અને દર્દીના ક્રેડિટ રિપોર્ટમાંથી એવી કોઈ પણ પ્રતિકૂળ માહિતી દૂર કરવી કે જે કન્ઝ્યૂમર રિપોર્ટિંગ એજંસી અથવા ક્રેડિટ બ્યૂરોને જણાવવામાં આવી હોય, વગેરે પગલાંઓનો સમાવેશ થાય છે, પરંતુ તે માત્ર તેના પૂરતા જ મર્યાદિત નથી.

**4.** <u>અપીલ</u>. આર્થિક સહાયતા માટેની યોગ્યતાને નકારતી અધિસૂચના મળ્યાના ચૌદ (14) કેલેન્ડર દિવસોની અંદર દર્દી સંસ્થાને વધારાની માહિતી પૂરી પાડીને યોગ્યતાના નકાર સામે અપીલ કરી શકે છે. આખરી નિર્ણય માટે બધી અપીલોની સંસ્થા દ્વારા સમીક્ષા કરવામાં આવશે. જો આખરી નિર્ણય આર્થિક સહાયતાના અગાઉના નકારની પુષ્ટિ કરે તો લેખિત અધિસૂચના દર્દીને મોકલવામાં આવશે.

**5.** <u>વસૂલીઓ</u>. ઉપરની કાર્યપ્રણાલીઓ સંપન્ન થતાંની સાથે દર્દીનાં બિલો અને ચૂકવણીની યોજનાઓ સ્થાપિત કરવા, તેના પર પ્રક્રિયા કરવા અને, દેખરેખ રાખવા માટે સંસ્થાની કાર્યપ્રણાલીઓમાં નક્કી કરવામાં આવ્યા મુજબ ચૂકવણીમાં નિષ્ફળ ખાતાંઓ સાથેના વીમારહિત કે અપૂરતો વીમો ધરાવતા દર્દીઓ સામે સંસ્થા ECA પ્રક્રિયા આગળ ધપાવી શકે છે. અહીં ઓળખવામાં આવેલા અંકુશોને આધીન, સંસ્થા ખરાબ ઋણવાળા ખાતાંઓ માટે પ્રતિષ્ઠિત બાહ્ય બૅડ ડેટ કલેક્શન એજંસી અથવા અન્ય સર્વિસા પ્રોવાઇડરની મદદ લઈ શકે છે અને આવી એજંસીઓ કે સર્વિસ પ્રોવાઇડરો ત્રાહિત પક્ષોને લાગુ પડતી 501(r)ની જોગવાઈઓનું પાલન કરશે.